Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૫. આશ્વિન. આત્મ સં. ૩૪. અંક ૩ જો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

૧ શ્રી મહાવીરનાં મહાન્ કાર્યો. ... ૫૭
૨ શ્રીમદ્ વિજયહીરસૂરિ ગુણાષ્ટકમ્ ... ૫૯
૩ નશીબની ઉત્પત્તિ ક્યાંથી છે ? ... ૬૦
૪ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ૬૭
૫ સૂક્ત વચનો.... ... ... ૭૧
૬ કાર્ય અને આશા. ... ... ૭૪
૭ પુરૂષાર્થ. ... ... ... ૭૬
૮ સ્વીકાર અને સમાલોચના. ... ૭૯

મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિં. પ્રેસ સ્ટેશન રોડ-ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


કાયાનું કલ્યાણ કરવાનો અવસર આવી પહોંચ્યો છે.
" આજનો લ્હાવો લીજીયે રે, કાલ કોણે દીઠી છે. "

**પુસ્તકો ખરીદો ! ભાવમાં ગંજાવર ઘટાડો ! ! પુસ્તકો ખરીદો ! ! !**

| | મૂળ કીં. | ઘટા. કીં. |
|---|---|---|
| **શ્રીપાળ રાજાનો રાસ**—અતિ રસિક સરલ ભાષા સાથે સુંદર ચિત્રો પાકું કલોથ બાઇન્ડીંગ, પૃષ્ટ ૪૬૦ ... ... ... | ૩-૦-૦ | ૨-૪-૦ |
| **ધન્નાશાલીભદ્રનો રાસ**—જે વીર પુરૂષનું નામ વ્યાપારીઓને વહી પુજનમાં શ્રી ધન્નાશાલીભદ્રની રૂદ્ધી હુજો. એ લખ્યા વિના રૂદ્ધિની પ્રાપ્તિ સંભવતી નથી. તેવા શાલીભદ્રનાં રાસની દરેક શ્રાવક ભાઇએ ઘરમાં રાખવાની ખાસ આવશ્યકતા છે. પૃષ્ટ ૨૮૦, પાકું બાઇન્ડીંગ, ગ્લેઝકાગળો, ચાર સુંદર ચિત્રો. ... ... | ૧-૮-૦ | ૧-૨-૦ |
| **કર્મ પરિક્ષા**—યાને દૈવી ચક્રનો ચમત્કાર-કમનશીબ રાજા દૈવની સામે થવાની કોશીષ કરતાં તેને દુઃખ પડવામાં બાકી રહેતી નથી, કરેલા કર્મો ભોગવ્યા શિવાય જન્માંતરે પણ છુટકોજ નથી એ રહસ્ય સમજાવતી અતિ રસિક ધાર્મીક નવલકથા. દરેક જૈને વાંચવાની જરૂર છે. પાકું બાઇન્ડીંગ, ગ્લેઝ કાગળો, પૃષ્ટ ૩૨૫ ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| **પૂજા સંગ્રહ**—શ્રી વિરવિજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી, આત્મારામજી, બુદ્ધિસાગરજી, ગંભીરવિજયજી, વલ્લભવિજયજી, વિગેરે અનેક આચાર્યોની બનાવેલ વિધી સહિત પૂજાઓ, અભિષેક, આરતીઓ, મંગળદીવા, જીન નવ અંગ દોહા વિગેરે અનેક બાબતો છે. પાકું બાઇન્ડીંગ, ગ્લેઝ કાગળો, પૃષ્ટ ૬૫૦... ... ... | ૨-૮-૦ | ૧-૮-૦ |
| **સજ્ઝાયમાળા**—ભાગ ૧-૨-૩-૪ દરેક ભાગના ... ... | ૨-૮-૦ | ૧-૮-૦ |
| **જૈન નિત્ય પાઠ સંગ્રહ**—જેમાં નવ સ્મરણ, છંદો સ્તોત્રો, રાસ, થોયો, સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, ચૈત્યવંદનો વિગેરે પૃષ્ટ ૩૨૦, પાકું કલોથ બાઇન્ડીંગ, ગ્લેઝ કાગળો ... ... ... | ૦-૧૦-૦ | ૦-૮-૦ |
| **રાજકુમારી સુદર્શના**—યાને સમળી વિહાર (સચીત્ર)—જૈન સાહિત્યનાં મહાન ખજાનામાંથી ચુંટી કહાઢેલ અતિ ઉપદેશાત્મક અને આનંદ જનક પ્રાકૃત કથાને આધારે તદન સરસ અને રસિક ભાષામાં એક નવલ કથાના રૂપમાં રજુ કરી છે. પૃષ્ટ ૬૦૦, પાંચ ચિત્રો, પાકું બાઇન્ડીંગ. ... ... ... ... | ૬-૦-૦ | ૨-૦-૦ |
| **રેખા દર્શન**—તમારા હાથ, પગ, કપાળ વિગેરે જગ્યાએ, જે નાના મોટા ચિન્હોની બધી બાબતોની વિગતવાર સમજણ જાણવી હોય તો રેખા દર્શન ખરીદો ... ... ... ... | ૧-૮-૦ | ૦-૧૨-૦ |
| **દેવ વિનોદ**—ચોવીશ તિર્થંકરોના સ્તવનો, ગહુંલી સંગ્રહ અને આધ્યાત્મિક પદો ધ્યાન કેમ કરવું ને કોનું કરવું તે ઉપર નાની નાની કથાઓ, એ સિવાય ચંદ્ર, સૂર્ય નાડી સંબંધી જ્ઞાન તથા કઇ નાસિકામાંથી પવન નીકળે ત્યારે કયા કયા કામો કરવા તેની સમજ, શુકન શાસ્ત્ર વિગેરે અનેક બાબતો ... ... ... | ૧-૦-૦ | ૦-૧૨-૦ |

વર્ધમાન એન્ડ સન્સ. પાયધુની ટ્રામજંકશન,—મુંબાઇ નં. ૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४५९ आश्विन आत्म सं. ३४. { अंक ३ जो.

## શ્રી મહાવીરનાં મહાન કાર્યો.

પ્રભુ મહાવીરે:—

મન જીત્યું.

હામ ભીડી.

વીર્ય ફોરવ્યું.

રસ ત્યાગ કીધો.

સ્વાશ્રયથી કાર્ય સાધ્યું.

મીથ્યાત્વ સામે કમર કસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતને જગાડયું.

યક્ષાદિ દેવતાઓના ઉપસર્ગો સહ્યા.

વંશ દીપાવ્યો.

તપશ્ચર્યાથી કર્મોને બાળ્યાં.

વસ્તુ માત્રનું જ્ઞાન પ્રકાશ્યું.

રસાતળને પવિત્ર કીધી.

તેત્રીશ ક્રોડ દેવતાઓને ચકિત કર્યા.

છેવટે અક્ષયપદ લીધું.

માટે " મહાવીર સ્વામી જયવંત વરતે છે. "

શાહ. છગનલાલ નહાનચંદ નાણાવટી.

વેજલપુર–ભરૂચ.

## श्रीमज्जगद्गुरु विजयहीरसूरि गुणाष्टकम् ॥

( शार्दूलविक्रीडितवृत्तम् )

श्रीमद्भारतभूमिदीव्यतिलकं संवेगरंगोत्सुकं,
सत्तत्त्वार्थविवेचकं विदलिताऽनङ्गप्रतापं क्षणात् ।
सिद्धान्तार्थसमूहरम्यसरितामेकं महापर्वतं,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्देमुदाऽऽनन्ददम् ॥ १ ॥
भव्याम्भोज गणप्रबोधतरणिं कारुण्यवारिनिधिं,
मित्राऽमित्रसमं समानहृदयं सर्वस्वधर्मिष्वपि ।
हिंसाहिंसनतत्परं गुणरतं पाखण्डसंभेदकं,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्देमुदाऽहर्निशम् ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीमद्दील्लिपतेरकब्बर धराधीशस्य सम्बोधकं,
ज्ञानेन प्रबलेन लोकविदिताऽमारिप्रवृत्त्युद्यतम् ।
सर्वोपद्रवदारणैकविलसद्बुद्धिप्रभावं सदा,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्दे मुदाऽऽनन्ददम् ॥ ३ ॥
दीनाऽनाथ जनोपकारकरणेऽनिर्विण्णमूर्वितले,
तीर्थानां शिवदायिनां शुभवतां सत्कर्मणां रचकम् ।
सद्विद्याधनधारकं हतधियां मोहान्धतावारकं,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्दे मुदाऽऽनन्ददम् ॥ ४ ॥
सम्यग्धर्ममहालयस्य विधिना नित्यं समारम्भकं,
सच्चारित्रगरिष्ठविष्टरगतं नित्यप्रमोदप्रियम् ।
पूजार्हधरणीभृतां भयहरं संसारभाजां नृणां,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्देमुदाऽऽनन्ददम् ॥ ५ ॥
शान्ता शान्तमनल्पधैर्यमचलं चारित्र भारोद्वहे,
सङ्घ क्लेश निवारकं यमवतां धौरेयमुग्रौजसम् ।
श्रीमत्तीर्थकरानुशासनमिदं संदीपितं येन तं,
सूरीन्द्रं गुरुवर्य हीरविजयं वन्दे मुदाऽऽनन्ददम् ॥ ६ ॥
सर्वक्ष्मापतिमौलिलालितपदाम्भोजं प्रभा भासुरं,
स्वर्गङ्गोज्ज्वलकीर्त्तिदीपितजगद्धामानमापद्धरम् ।
भक्तानामभयप्रदं मुनिगणैरासेवना यत्सदा,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्दे मुदाऽऽनन्ददम् ॥ ७ ॥
पूज्यानां प्रवरं प्रशस्तचरितं निर्मत्सराणां सतां,
नित्यं संस्मरणीयशीलविभवं सर्वोपकारक्षमम् ।
निर्वृत्तस्वपरार्थबुद्धिविषयं निर्मानमोहोदये,
सूरीन्द्रं गुरुवर्यहीरविजयं वन्दे मुदाऽऽनन्ददम् ॥ ८ ॥
प्रीतेनाऽजितसागरेण गुणतः श्रीसद्गुरूणां हृदि,
सूरीन्द्रेण विनिर्मितां स्तुतिमिमां यः संस्मरेद्भावतः ।
सोऽरं मानवतां विधाय सफलां स्वर्गापवर्गाङ्गवां,
सम्पत्तिं लभते क्रमेण दलितासत्कर्मकोटिर्नरः ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नशीबनी उत्पत्ति क्यांथी छे ?

( એક મુનિશ્રી )

નશીબની ઉત્પત્તિ સકામ કર્મોથી છે. નશીબને ઉત્પન્ન કરનાર આપણે પોતેજ છીએ. અગાઉના જન્મોમાં આપણે જે કર્મો કરેલાં છે તેમાંથી આપણું પ્રારબ્ધ બનેલું છે, અને આ જીંદગીમાં જે કામ કરશું તેમાંથી ભવિષ્યનું નસીબ બંધાશે. યાદ રાખજો કે બીજાનાં કર્મોથી આપણું નસીબ બંધાતું નથી, આપણું હાલનું નસીબ તે આપણા અગાઉના કર્મોનુંજ ફળ છે. અને એવીજ રીતે આપણાં હાલના કર્મો ભવિષ્યની જીંદગીનું નસીબ રચશે. એ ઉપરથી સમજવાનું કે નસીબ સ્વતંત્ર નથી, નસીબ આપણા કર્મોને આધીન છે–એટલે દરજ્જે નસીબ સ્વતંત્ર છે કે નિર્માણ થઇ ચૂકેલાં પ્રારબ્ધને આપણે ફેરવી શકતાં નથી; પણ નિર્માણ થઇ ચૂકેલાં પ્રારબ્ધનો તો ભોગવ્યાથી ક્ષય થઇ જાય છે, એટલે તેની આપણે ફીકર કરવાની નથી. ખરી ફીકર તો હાલ આપણે જે કર્મો કરીએ છીએ તેની કરવાની છે; કારણ કે એ ઉપર આપણાં સંચિત કર્મોનો અને ભવિષ્યની જીંદગીનાં સારાં અથવા માઠાં પ્રારબ્ધનો આધાર છે; માટે આપણે આપણી ચાલુ જીંદગીના કર્મો સુધારવા જોઇએ અને તે સામર્થ્ય આપણાં આત્મામાં રહેલ છે. જો એ સામર્થ્ય આપણામાં ન હોય તો ઉન્નતિ મેળવવાનો બીજો રસ્તો કયો ? જો આપણા ક્રિયમાણ કર્મો નશીબથીજ થતાં હોય તો પુરૂષાર્થનો અવકાશ કયાં રહ્યો ? જો એમ હોય તો શાસ્રો જૂઠા થઇ પડે એટલુંજ નહી પણ શાસ્ત્રો ઉપયોગ વિનાના થઇ પડે–કારણ કે જેમ નશીબ હોય તેમ થાય તો શાસ્રોનો ઉપદેશ શું કામનો–જો એમ આગળ વધવાનો રસ્તોજ બંધ હોય તો પછી મનુષ્યનું કર્ત્તવ્ય શું રહ્યું—ધર્મની જરૂર કયાં રહી ? સંગતિ દોષથી માની લીધું છે તેવું ઇશ્વરની દયા અને મનુષ્યનો પુરૂષાર્થ તોડી નાખનારૂં નશીબ નથી જો કે ભોગ દેવા માટે નિર્માણ થઇ ચૂકેલા પ્રારબ્ધને આપણે ફેરવી શકતા નથી તો પણ સંચિત અને ક્રિયમાણ તો આપણા હાથમાંજ છે, અને એને બાળી મૂકવા એ કાંઇ જ્ઞાની–ભક્તોની આગળ કંઈ મોટી વાત નથી ગીતાજીમાં કહ્યું છે કે—

**यथैधांसि समिद्धोग्निर्भस्मसात्कुरूतेऽर्जुन ।**
**ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात्कुरूते तथा । अ. ४ श्लो. ३७**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે અર્જુન જેમ પ્રદિપ્ત અગ્નિ કાષ્ટાદિકને ભસ્મિભૂત કરે છે તેમ જ્ઞાન રૂપ અગ્નિ સર્વ કર્મને બાળીને ભસ્મ કરે છે.

ઘાસ અને સમિધની પેઠે કર્મોને અરે સર્વ કર્મોને જ્ઞાનથી બાળા નાખવાં એ શું જેવી તેવી વાત છે ?

## मूलं नास्ति कुतः शाखा

## જે જ્ઞાનથી કર્મોને સમિધની પેઠે સેહેલાઇથી બાળી દેવાય છે તે જ્ઞાન કેવું છે ?

એ જ્ઞાન વ્યવહારમાં ડાહ્યા ગણાવાનું નથી, એ જ્ઞાન રાજ્યના માનીતા થઇ ખેતાબના પૂછડાં મેળવવામાં નથી, એ જ્ઞાન કોઇપણ ધર્મોના બાહ્યાચારમાં નથી અને એ જ્ઞાન તીર્થોમાં કે મુસાફરીમાં નથી; આહા ! શું તેનું રહસ્ય છે. દરેક અંતઃકરણ તેને ધારણ કરી શકે છે, અને તોપણ કરોડોમાં કોઇકજ તે ગ્રહણ કરી શકે છે. તે સ્વતંત્ર છે અને તોપણ અતિ દુર્લભ છે. પોતાની ખુશીથી ટુંકી દૃષ્ટિવાળા ચશ્મા પહેરી બેઠેલા લોકો તેને અમુકના ધર્મોમાં અમુકજ પુસ્તકમાં અમુકજ ક્રિયામાં માને છે અને તોપણ કોઇ ભાગ્યશાળીનેજ તે મળે છે. કર્મોને બાળી નાખનારૂં એ જ્ઞાન બીજું કોઇજ નહીં પણ—

### " અધ્યાત્મ જ્ઞાન છે "

ઈશ્વરીજ્ઞાન છે. તું કોણ ? તારી ઉત્પત્તિ કયાંથી ? તારો લય શેમાં ? તારૂં કર્તવ્ય શું ? તારૂં અવલંબન શું ? એ બધું માત્ર કલ્પનાના જોરથી નહીં, ભેદબુદ્ધિથી નહીં, જડવાદની રીતિથી નહીં, પાંડિત્યની શબ્દજાળથી નહીં—વ્યવહારની પરંપરાથી નહીં—અનુમાનથી નહીં પણ હૃદયના શુદ્ધ ભાવથી પૂર્ણ શ્રદ્ધાથી પ્રત્યક્ષ રીતે તેના યથાર્થ રૂપમાં સમજવું અને અનુભવવું તેનું નામ **"અધ્યાત્મજ્ઞાન"** ઇશ્વરીજ્ઞાન—બ્રહ્મજ્ઞાન છે; એ જ્ઞાનથીજ કર્મોને બાળી શકાય છે. એ જ્ઞાનથીજ દુસ્તર ગણાતા સંસારસાગરને સહેલાઇથી તરી શકાય છે. એ જ્ઞાનથી જન્મમરણના ફેરામાંથી છુટી શકાય છે—એ જ્ઞાનથી આત્મા પોતાના મૂળસ્વરૂપ તરફ જઇ શકે છે અને એ જ્ઞાનથી જ ઇશ્વરની પાસે પહોંચી શકાય છે, સિદ્ધ થઇ શકાય છે.

## મારામાં એટલું બધું સામર્થ્ય કયાં છે ?

એમ સમજવું એ પણ શું મનુષ્યની ભૂલ નથી ? શામાટે તારામાં સામર્થ્ય નથી. જો આપણી આત્મોન્નતિ કરવાનું સામર્થ્ય આપણામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન હોય તો પછી મનુષ્યપણું ઉત્તમ શા માટે—જો એમ ન હોય તો મનુષ્યપણું કામનું શું ? જો મનુષ્યમાં સામર્થ્ય ન હોય તો શાસ્ત્રો અને મહાત્માઓ કહે છે કે મનુષ્યદેહ સંસારસાગર તરવા માટે નૌકારૂપ છે તે ખોટું થઇ પડે. જો મનુષ્યોમાં આત્મોન્નતિ મેળવવાનું સામર્થ્ય ન હોય તો પછી તેનું કર્તવ્ય શું રહ્યું ? જો એ સામર્થ્ય ન હોય તો પશુમાં—પથ્થરમાં ને માણસમાં શું ફેર છે ? એ સામર્થ્ય દરેક માણસમાં એક સરખી રીતે સ્વભાવથીજ રહેલું છે તેથીજ માણસ માત્ર આત્મોન્નતિનાં—મોક્ષના અધિકારી છે. માણસ માત્ર પછી ગમે તે જાત, ગમે તે દેશ ગમે તે કાળ અને ગમે તે ધર્મના હોય તોપણ મોક્ષના અધિકારી છે એ સત્ય વાત છે, તેમાં કાંઇ પણ સંદેહ નથી. જો કે અભ્યાસના બળથી, સત્સંગથી, જ્ઞાનથી, ભકિતથી, તપથી અને પૂર્વના સંસ્કાર ઇત્યાદિથી એ ઇચ્છા તથા એ સામર્થ્ય દરેક માણસમાં વધતુ ઓછું હોય છે એ સાચી વાત છે, પણ એ સામર્થ્ય આપણામાં નથી એમ માનવું એ તો અપરાધ છે. આત્મોન્નત્તિ મેળવવામાં બીજાનું સામર્થ્ય કામ લાગતું નથી. પોતામાં બળ જોઇએ, પોતાનેજ તુંબડે તરવું જોઇએ, પોતાનાજ પગ ઉપર ખડું રહેવું જોઇએ, એમાં બીજાની મદદ કાંઇજ કામની નથી. શાસ્ત્રો તથા ગુરૂઓ માત્ર રસ્તો દેખાડનાર છે, શ્રદ્ધાપૂર્વક તેને માનવા અને ઉપદેશ ગ્રહણ કરવો. પણ ચાલીને એ રસ્તો પૂરો કરવો એમાં તો પોતાનાજ બળનું કામ છે. કોઇ પણ ઉપાડીને મોક્ષમાં પહોંચાડશે નહીં. એ રસ્તાને સાત્વિક શ્રદ્ધાથી કબુલ રાખવો—તેપર ચાલવું અને તત્વને પહોંચવું એ તો પોતાનુંજ કામ છે. અન્ય દર્શનમાં પણ કહેલ છે કે વિવેકયુક્ત મને પોતે પોતાને ઉદ્ધારો. પોતાની અધોગતિ ન કરો. કેમકે પોતેજ પોતાનો ( વિવેક યુકત ) બંધુને પોતેજ ( અહંકાર યુક્ત ) પોતાનો શત્રુ છે. આર્ય ધર્મનો એજ સિદ્ધાંત છે કે આત્માજ આત્માનો બંધુ છે અને આત્માજ આત્માનો શત્રુ છે એટલે પોતાનું સ્વરૂપ પોતેજ સમજવું, એજ આત્મોન્નતિ છે, અને પોતાનું સ્વરૂપ ન સમજવું એજ બંધન છે, એમાં વચ્ચે કોઇ પણ દલાલનું કામ નથી. ઇચ્છા અને સામર્થ્યની વચ્ચે બહુ નજીકનો સંબંધ છે, એમજ નહીં પણ ખરૂં જોતાં તો અંતે તે બંને એકજ છે. જેટલી આપણી ઇચ્છા મોળી તેટલું આપણું બળ ઓછું હોય છે, અને જેટલી ઇચ્છા પ્રબળ તેટલું આપણામાં અધિક બળ હોય છે. માનસિક બળનો આધાર ઇચ્છા શકિતની પ્રબળતા ઉપરજ છે અને ઇચ્છા શકિતને આપણે કેળવેલી હોતી નથી માટેજ આપણા સામર્થ્યને સમજી શકતાં નથી. આપણને કોઇ વખત એવો અનુભવ નથી થયો ? કે કોઇ અમુક ભલું કામ કરવા ધાર્યા છતાં પણ આપણે કરી શકતા નથી. કારણ એજ કે એ વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી ઇચ્છા એ કામ કરવા માટે મોળી હોય છે–આનાકાની કરતી હોય છે, પણ જ્યારે એ પ્રાણી ઇચ્છાને પ્રબળ કરે છે–દૃઢ કરે છે ત્યારે જે કામ પ્રથમ તેને બહુ મુશ્કેલ લાગતું તે સહેલાઇથી બની શકે છે. જે કામમાં વિઘ્નો દેખાતાં તેમાં વિઘ્નોને ઠેકાણે આનંદ પથરાઇ જાય છે, જે કરવામાં આળસ આવતું ત્યાં આળસને બદલે ઉત્સાહ ફેલાઇ જાય છે, જેને માટે સાધનો મળતાં નહોતાં તેને માટે જોઇયે તે કરતાં વધારે સાધનો આવી પડે છે, જે કરવાથી ભય લાગતો તે કરવાથી હૃદય હર્ષથી ભરાઇ જાય છે અને જે થઇ શકે તેવું લાગતું નહોતું તેને બદલે એટલી બધી સહેલાઇથી તે કેમ થઇ ગયું એજ અજાયબી લાગે છે. આ ફેરફારનું કારણ આપણી પોતાની પ્રબળ ઇચ્છા શક્તિ છે.

જેઓ પોતાની ઈચ્છાને પ્રબળ કરી શકે તેમને કાંઇપણ અડચણ નડી શકતી નથી, તેઓ હમેશાં આગળને આગળ વધ્યે જાય છે. આત્મોન્નતિ, ચડતી ને પડતી ઇચ્છાશક્તિના બળ ઉપર છે. જ્યારે આપણે આપણી ઈચ્છાને પ્રબળ કરી શકીએ છીએ ત્યારે બધી મુશ્કેલીઓ દૂર નાશી જાય છે. કારણ કે ઇશ્વરી રસ્તાની વચ્ચે આવતી મુશ્કેલીઓ ઈશ્વર કેટલો બધો આપણી નજીક છે એ માણસો સમજી શકતાં નથી, તેથીજ કસ્તુરીયો મૃગ જેમ પોતાની નાભીમાંની કસ્તુરી જાણતો નથી પણ તેની સુગંધથી મોહિત થઇ જંગલે જંગલ ને પહાડે પહાડમાં રખડી ઘાસ–માટી–ઝાડ અને પથ્થરને સુંઘતો ફરે છે–તેમ માણસો પણ પોતાનાં હૃદયમાં પ્રકાશતા આત્માનું સ્વરૂપ નહીં જાણવાથી તે મૃગની પેઠે તત્ત્વની શોધમાં અંહી તહીં રખડતા ફરે છે, પણ જે છે તે પોતાના સ્વરૂપમાંજ છે; એમ સ્પષ્ટતાથી જાણી શકતો નથી; માટેજ તેઓ ઉત્તમ લક્ષ રાખ્યા વિના વ્યવહારિક નાની નાની લાલચોમાં આસક્તિથી ફસાઈ રહે છે અને ભવાટવીમાં અટવાયા કરે છે. ઇશ્વરથી દૂર રહેવાથી આપણું જીવન ટકીજ કેમ શકે ? સર્વ ઠેકાણે સમદૃષ્ટિથી જોનારો યોગી સર્વ પ્રાણીઓમાં રહેલા આત્માને સમાનભાવે જુવે છે અને આત્મામાં સર્વ પ્રાણીઓને જુવે છે. એટલે કે સર્વત્ર આત્મદર્શન કરે છે. આવાં આવાં ઘણાએ પ્રમાણો છે. જેઓને અશ્રદ્ધા રૂપી મોટી દિવાલ આડી છે અને તેથી તેઓ પોતાનાસ્વરૂપને શોધવા માટે બહાર ફાંફાં મારતાં બહારજ રહી જાય છે. એમ નહીં થવા માટે સર્વને માટે એકજ ઉપાય છે. અને તે ભક્તિ માર્ગ છે. ભક્તિ એજ ખરૂં રસાયન છે. ભક્તિ એજ સંસારનો સત્ય કીમીયો છે.

જ્ઞાની ભક્તો કહે છે કે–ઇશ્વરને પામવા માટે તમે **યોગ્યતા મેળવો.** એ યોગ્યતા માટેની પરીક્ષા પરમાત્માએ સહેલી રાખેલી છે, અને તેની ચાવી આપણાજ હાથમાં આપેલી છે. એ પરીક્ષાઓ એજ કે વ્યવહારી લાલચોમાં ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફસાઓ, અને માત્ર દૂરથી દેખાતી અડચણોથી નહીં ડરી જતાં દઢતાથી ઇશ્વરી રસ્તામાં આગળ વધો--આપણે ખ્યાલ–કયાસ–પ્રમાણ બુદ્ધિ અને અનુભવથી ઇશ્વરને આપણી નજીકમાં નજીક ધારી શકીયે તે કરતાં પણ તે વધારેમાં વધારે નજીક–આપણી પાસે–અરે આપણે તેનામાં જ છીએ, માટે વ્યવહારિક લાલચોમાં ન ફસાઓ અને માત્ર દેખાતી અડચણોથી નહીં ડરી જતાં દઢતાથી ઇશ્વરી રસ્તામાં આગળ વધો–જન્મમરણના ફેરામાંથી છૂટવું, અનંતકાળની અખંડ શાંતિમાં–અનંત જીવનમાં જવું, ઇશ્વરને પહોંચવું એ કેટલી બધી મોટી વાત છે, અને એ કરતાં બીજો અધિક લાભ કયો ?

## ભક્તોનો ધર્મ.

કોઇપણ પ્રાણી ઉપર દ્વેષ નહીં કરનારો અને મૈત્રીવાળો–કરૂણાવાળો-- અને માધ્યસ્થવાળો, મમતા રહિત–અહંકાર ( દ્વેષ ) રહિત–ક્ષમાવાળો તથા સુખ દુ:ખ જેને સમાન છે તેવા ભકતો ખરેખરા ભકતો છે.

અને જે હમેશાં–સંતોષી–યોગી–શરીર તથા ઇંદ્રિયોને કાબુમાં રાખનાર દૃઢ નિશ્ચયવાળા અને જેણે મન–બુદ્ધિ સત્યમાર્ગે પ્રવર્તાવી છે તે ભકત પ્રભુને વ્હાલો છે.

એક સ્થળે જણાવેલ છે કે જે ઇચ્છા વિનાનો, પવિત્ર, ચતુર, વૈરાગ્યવાળો, દુ:ખવિનાનો અને જે બધી જાતના આરંભનો પુરેપુરો ત્યાગ કરનારો હોય તે ભકત છે અને પ્રભુને વ્હાલો છે.

જેને હર્ષ નથી, શોક નથી, અદેખાઇ નથી અને કાંઇપણ ઇચ્છા જ નથી તથા સારૂંને માઠું બંનેનો ત્યાગ કરનાર હોય અને વળી ભકિતમાન હોય તે પ્રભુને વ્હાલો છે.

શત્રુ અને મિત્ર જેને સરખા છે તથા જેને માન અને અપમાન સરખા છે, ટાઢ અને તડકો, સુખ અને દુ:ખ સમાન છે અને જે સંગથી તદન છુટેલા છે તે પ્રભુને વ્હાલા હોય છે.

જેને નિંદા તથા સ્તુતિ સરખી છે જે મૌન છે, જે પ્રારબ્ધ યોગથી જ જે કાંઇ આવી મળે તેમાં જે સંતોષિ છે. જે ઘરવિનાનો છે જે સ્થિર બુદ્ધિવાળો છે અને જે ભકિતવાળો પુરૂષ છે તે પ્રભુને વહાલો છે. ૧૯

વળી જે શ્રદ્ધાવાળા થઇ પ્રભુમય થઇ, ઉપરના કહેલાં ધર્મરૂપી અમૃતને મેળવે છે તે ભકતો પ્રભુને બહુ વહાલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદમાંથી અભેદમાં લઇ જનાર ભકિત છે. પારસમણી તો માત્ર લોઢાનું સોનું બનાવી શકે છે, પણ ભકિત તો માણસને ઇશ્વરમય-ઈશ્વર બનાવી દે છે. એટલે ઇશ્વરના સ્વરૂપમાં મેળવી દે છે. જગતને ખરી મદદ કરવા માટે અને ઇશ્વરને પામવા માટે ભકિત કરતાં બીજો કોઇપણ સહેલો રસ્તો નથી. ભક્તિના આનંદ જેવો બીજો કોઇ આનંદ દુનિયામાં નથી અને ઈશ્વરી જ્ઞાન માટે દુનિયાનાં સર્વે ધર્મોમાં ભકિત કરતાં સહેલો રસ્તો બીજો કોઇપણ નથી. વેદમાં કર્મ-ઉપાસના-અને જ્ઞાન એમ ત્રણ કાંડ છે પણ તે ત્રણેનો ભકિતમાં સમાવેશ થઇ જાય છે. કર્મ તો ભકિતની સાથે જ રહે છે અને જ્ઞાન ભકિતનો પુત્ર છે એટલે ત્રણે એકજ છે. જેમ ભોજનના દરેક કોળીયા-તુષ્ટિ પુષ્ટિને તૃપ્તિ છે તેમજ ભકિતનાં દરેક પગલાં દરેક પગથીયામાં કર્મ-જ્ઞાન અને ઉન્નતિ છે પણ એકડા વિનાના બધાં મીંડાં જેમ નકામાં છે તેમ શ્રદ્ધા-ભાવવિનાની ભકિત પણ નકામી છે. ભાવ એજ આંકડો છે અને બીજાં બધાં સાધનો તે મીંડા છે, પ્રથમ આંકડો હોય તો જ મીંડાં કામનાં છે. એકલા મીંડાની કીંમત મીંડું જ છે.

અજ્ઞાની, શ્રદ્ધા વિનાનો તથા સંશયવાળો નાશ પામે છે. આવો સંશયવાળાનો આ લોક પણ સુધરતો નથી. અને તેનો પરલોક પણ બગડે છે. અને તેને કાંઇપણ સુખ મળતું નથી. સંશયવાળાં સર્વ કર્મો એવાં છે. પૂર્ણ શ્રદ્ધાવિના ખરી ભકિત થઇ જ શકે જ નહીં. એટલું જ નહી પણ જયાં સુધી મનમાં પાપ હોય ત્યાં સુધી ખરી ભકિત હોઇ શકે જ નહીં.

તમોએ ભકિતની જરૂરીયાત-ભકિતની મહત્તા-ભકિતનો આનંદ તથા ભકતના લક્ષણ એ બધું જાણ્યું. હવે ભકિત કેવી રીતે કરવી એ તમારે સ્પષ્ટ રીતે જાણવું, કારણ કે એમાં ઘણા પ્રકારના ભેદ છે. પ્રથમ તો એ જાણવું જોઇએ કે, ભકિત કોની કરવી જોઇએ. સાત્વિક માણસો ઈશ્વરને પૂજે છે. રજોગુણી લોકો યક્ષને પૂજે છે. અને તમોગુણી લોકો ભૂત-પ્રેત વગેરે પૂજે છે.

માટે સાત્વિક દેવની (અરિહંત પરમાત્માની) ભકિત કરવી જોઇએ. બીજી બધી ભકિત ઉતરતા પ્રકારની જ છે. આ બાબત બહુ સ્પષ્ટ છે, કારણ કે હું જોઉં છું કે શુદ્ધ ચિત્તવાળા નિષ્કામવાળા જ્ઞાની ભકતો સદૈવ પરમ પવિત્ર એક મહાન ઈશ્વરને જ ભજે છે. ખરા ભકતના હૃદયમાં ઉતરતા પ્રકારના દેવનો ખ્યાલજ આવી શકતો નથી. બીજા દેવો મોટા મોટા ભોગો, અપવિત્ર બળીદાનો અને દેહકષ્ટ વગેરે પોતાના ભકતો પાસે માગે છે અને તે ન મળે તો કુપિત થઇ જાય છે, અને પ્રભુ ભકિતના બીજા સહેલા રસ્તા દેખાડે છે.

શાસ્ત્રીય નિયમો પોતાની સ્વાર્થવૃત્તિને લીધે વ્યવહારિક લોકો પાળી શકતા નથી, માટે તેઓ ભકિતને ખાંડાની ધાર જેવી કહે છે. ખરેખર સ્વાર્થવૃત્તિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૂબી ગએલાં, અહંભાવવાળા લોકો માટે ભક્તિ એવી કઠણ છે, પણ જેઓનાં અંતઃકરણ શુદ્ધ છે અને જેઓ વ્યવહાર કરતાં સત્યને તેમજ આત્મિક ઉન્નતિને વધારે ચાહે છે તેઓને માટે ભક્તિ જરાએ કઠણ નથી. કલ્પવૃક્ષને છોડી કાંટાવાળા બાવળીયામાં જેનું મન લોભાઇ ગયું છે તેઓ દયાને પાત્ર છે. ઇન્દ્રિયસુખ આત્મિક સુખ પાસે કાંઇપણ વિસાતમાં નથી–તેજ અખંડ આનંદ. એજ ખરો આનંદ છે. અને એજ સર્વ આનંદોનો આનંદ છે, પણ તે પૂર્ણ ભક્તિવિના પ્રાપ્ત થઇ શકતો નથી. માટે શુદ્ધ હૃદયથી પરમાત્માની એક ચિત્તે ધ્યાનપૂર્વક અખંડ ભક્તિ કરવી; એજ એ આનંદને પ્રાપ્ત કરવાનો સૌથી સહેલામાં સહેલો રસ્તો છે. ભક્ત ઉત્તમતાને જ–સત્યતાને જ–પ્રકાશને જ–ઇશ્વરને જ આસ્થાથી અને પ્રેમથી ચાહે છે અને લોકો અહંભાવને–અજ્ઞાનને અને પોતાની સ્વાર્થવૃત્તિને જ ચાહે છે.

વળી પરમાત્મા કહે છે કે જો તમારે મારા જેવું થવું હોય તો નીચે પ્રમાણે અભ્યાસ કરો.

ઇશ્વરમાં જેવી સમદષ્ટિ છે તેવી આપણી સમદષ્ટિ થવી જોઇએ. ઇશ્વરમાં જેવો નિઃસ્વાર્થ પ્રેમ છે તેવાં આપણે નિઃસ્વાર્થી પ્રેમી થવું જોઇએ. ઇશ્વરમાં જે મહાન્ દયા છે તેવી દયાથી આપણું હૃદય પરિપૂર્ણ થવું જોઇએ. ઇશ્વર જેમ નિષ્કામપણે કર્મ કરે છે તેમ આપણે નિષ્કામપણે કર્મ કરવાં જોઇએ. ઇશ્વરમાં જેવી પવિત્રતા છે તેવી પવિત્રતા આપણામાં આવવી જોઇએ. ઇશ્વર જેમ સર્વેનું કલ્યાણ કરે છે તેમ આપણે સર્વનું કલ્યાણ ચાહવું જોઇએ. ઇશ્વર જેવો શાંત છે તેવી આત્મિક શાન્તિ આપણે મેળવવી જોઇએ. નિર્વિકારી થવું જોઇએ અને ઇશ્વર જેવો પરિપૂર્ણ છે તેવી પૂર્ણતા આપણામાં આવવી જોઇએ જો તમારે જીંદગીની સાર્થકતા કરવી હોય, પોતપોતાને ઓળખવું હોય, જન્મ મરણના ફેરામાંથી છુટવું હોય અને ઇશ્વરી આનંદમાં રહેવું હોય તો તમારે પરમાત્મમય બની જવું જોઇએ.

# વર્તમાન સમાચાર.

**આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજીની જયંતી.**—આસો સુદ ૧૦ ના રોજ આચાર્ય મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી જયંતી ઉજવવામાં આવી હતી. સવારમાં મોટા જીનાલયમાં શ્રી નવપદજી મહારાજની પૂજા ભાવનાપૂર્વક ભણાવવામાં આવી હતી. સાથે પરમાત્માની આંગી રચવામાં આવી હતી. બપોરના સભાસદોનું સ્વામીવાત્સલ્ય દરવર્ષ મુજબ કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૩૧ થી શરૂ )

૩–૩–૧૫૦ શ્રીમહાવીર સ્વામીના શિષ્ય મંડિત ગણધર હતા.

૫–૪–૧૮૬

ભગવાન્—હે ગૌતમ, કેવળી ઇન્દ્રિયનાં વિષયમાં આવેલા ઇંદ્રિયનાં વિષયમાં નહીં આવેલા સર્વથા દૂર ઉત્પન્ન થએલા સર્વથા નિકટમાં થએલા કે દૂરનાં શબ્દને જાણે છે, દેખે છે.

ગૌતમ—કેવળી, ઇંદ્રિયગોચર કે ઇંદ્રિયને અગોચરને યાવત........દેખે છે. તે શા કારણે ?

ભગવાન્—ગૌતમ, કેવળી પૂર્વદિશામાં મર્યાદિત પણ ( ગર્ભજ મનુષ્ય જીવદ્રવ્યાદિ જાણે છે. અમર્યાદિત ( વનસ્પતિ પૃથ્વી જીવદ્રવ્યાદિ, અનન્ત વસ્તુ અસંખ્યેય વસ્તુ )ને પણ જાણે છે. એજ રીતે દક્ષિણમાં પશ્ચિમમાં ઉત્તરમાં ઉંચે અને નીચે મર્યાદિત પણ જાણે છે, અમર્યાદિત પણ જાણે છે. કેવળી સર્વને જાણે છે. કેવળી સર્વને જુએ છે. કેવળી ચારે તરફથી સર્વ કાળને જાણે છે. સર્વ ભાવોને જાણે છે. જુએ છે. કેવળીને અનંત જ્ઞાન છે. કેવળીને અનંતદર્શન ( દષ્ટિ ) છે, કેવળીનું જ્ઞાન આવરણ રહિત છે, કેવળીનું દર્શન નિરાવરણ છે. ( કેવળીનાં જ્ઞાન દર્શન સ્વસત્તામાં રહેલ નિરાવરણ અને વિશુદ્ધ છે–ટીકા ) આ કારણથી યાવત્....જુએ છે.

ગૌતમ—હે ભગવાન્, જેમ છદ્મસ્થ મનુષ્યો હસે છે, ઉત્સુક બને છે, તેમ કેવળી પણ હસે છે, ઉત્સુક બને છે ?

ભગવાન્—એ પ્રમાણે બનતું નથી + + + કારણ કે જીવો ચારિત્ર મોહનીયના કર્મથી હસે છે. ઉત્સુક બને છે તે ( કર્મ ) કેવળીને નથી + +

ભગવાન્—નિદ્રા પ્રચલા–( નિદ્રાભેદ ) માટે હસવાની જેમ સમજવું. વિશેષતા એટલીજ કે–જીવો દર્શનાવરણી કર્મના ઉદયથી નિદ્રા લે છે. પ્રચલા ( ઉભા ઉભા ઉંઘવું તે ) જે ( કર્મ ) કેવળીને નથી * ૧

૫–૪–૧૮૭–ઇંદ્રભૂતિ–હે ભગવાન્, ઇંદ્રનો હરિણગમેષિ શક્રદૂત સ્ત્રી ગર્ભનું હરણ કરે છે. ત્યારે શું ૧—ગર્ભાશયથી લઇ ગર્ભાશયમાં મુકે છે ?

* ૧ કેવળી ઇંદ્રિય દ્વારા જાણે જુએ નહીં સૂત્ર ૨૫૯, કેવળી લોકસ્થિતિને જાણે સૂત્ર–૨૬૧ ત્રણ પરિગ્રહોસૂત્ર ૬૩૩ ચારવ્રત આગમોચ્છે તીર્થ સંઘ, ઉગ્રકુલાદિ અધિકાર શ૦–૨–ઉ૦૮ સૂત્ર ૬૭૮

પાંચ પ્રકારનાં નિર્ગ્રંથો શ૦ ૨૫ ઉ૦ ૫ સૂત્ર...ચૈત્ય શ૦ ૨૦ ઉ૦૯ સૂત્ર ૬૮૩, ૬૮૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ ગર્ભાશયથી લઇ યોનિમાં મુકે છે? ૩–યોનિથી લઇ ગર્ભમાં મુકે છે? ૪ યોનિથી લઈ યોનિમાં મુકે છે?

ભગવાન—ગૌતમ, ગર્ભાશયથી લઇ ગર્ભાશયમાં મુકતો નથી. ગર્ભાશયથી લઇ યોનીમાં મુકતો નથી, યોનિથી લઇ યોનિમાં મુકતો નથી. પણ પ્રવૃત્તિ પૂર્વક ગર્ભને પીડા ન થાય તેમ સુખ પૂર્વક યોનિમાંથી લઇ ગર્ભાશયમાં મૂકે છે. ( અર્થાત–ગર્ભ પીંડને એક ગર્ભવતી સ્ત્રીનાં જન્મસ્થાન દ્વારા બહાર કાઢે છે અને બીજી ગર્ભવતી સ્ત્રીનાં ઉદરમાં સ્થાપે છે. **ગર્ભાપહરણ** આ રીતેજ થાય છે. )

ઇંદ્રભૂતિ—હે ભગવન્ , શક્રદૂત હરિણગમેષિ સ્ત્રીગર્ભને ( ઉદરમાં રહેલ ગર્ભ પીંડને ) નખનાં અગ્રભાગ વડે કે રૂંવાડાનાં છિદ્ર વડે બહાર કાઢવા કે પ્રવેશ કરાવવાને સમર્થ છે?

ભગવાન્—હા, સમર્થ છે. પરંતુ તે તે ગર્ભને કોઇપણ પ્રકારની પીડા–સંતાપ થવા દેતો નથી, પણ માત્ર ત્વક છેદન કરે છે. * ૨

૫–૪–૧૮૮ તે કાળ અને તે સમયને વિષે શ્રમણ ભગવાન મહાવીરનો શિષ્ય **અતિ મુકતક** નામના બાળ મુનિ સરલ પ્રકૃતિવાળા યાવત...વિનીત હતા, ત્યારે તે અતિમુકતક બાળ મુનિ એક દિવસે કયારેક ધોધમાર વરસાદ વરસી રહ્યા પછી પાત્ર અને રજોહરણ ( ઓઘો ) ને કાખમાં રાખીને બહાર જવા માટે નીકળ્યા, શુદ્ધભૂમિ તરફ ચાલ્યા ત્યારે તે અતિમુકતક કુમારશ્રમણ વહેતા પાણીનો પ્રવાહને જુએ છે જોઇને માટીની પાળ બાંધે છે, બાંધીને “ આ મારી નાવિકા છે આ મારી હોડી છે ” નાવિકાની પેઠે આ પાત્ર રૂપી નાવડાને પાણીમાં ચલાવતો થકો રમે છે. સ્થવિરોએ તેને આ પ્રમાણે રમતો જોયો અને શ્રમણ ભગવાન મહાવીર જ્યાં છે ત્યાં આવ્યા. આવીને આ પ્રમાણે બોલ્યા, “ હે દેવાનુપ્રિય, નિશ્ચે આપનો શિષ્ય અતિમુકતક નામનો બાળ મુનિ છે. હે ભગવન , તે અતિમુકતક બાળમુનિ કેટલા ભવ કરીને સિદ્ધિ પદને પામશે? યાવત...સર્વ દુઃખોનો અંત કરશે ! હે આર્યો, એ સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે તે સ્થવીરોને આ પ્રમાણે કહ્યું, હે આર્યો, નિશ્ચે મારો શિષ્ય અતિ મુકતક નામનો બાળમુનિ પ્રકૃતિભદ્ર યાવત...વિનિત છે, તે અતિમુકતક કુમાર શ્રમણ આજ ભવ કરીને સિદ્ધ થશે યાવત....અંત કરશે તે માટે હે આર્યો, તમો બાળમુનિ અતિમુકતકને **ઉઘાડો ન પાડો**, મનથી ન નિન્દો, જન સમક્ષ નીન્દો નહી, તેની સન્મુખ નિન્દા ન કરો અને તેની અવજ્ઞા ન કરો, ( તેનો પરાભવ ન કરો ) હે દેવાનુપ્રિયો, તમો અતિમુકતક કુમાર શ્રમણને અખેદભાવે સ્વીકારો, અગ્લાન ભાવે સહાયક બનો. અગ્લાનપણે ભાત પાણી અને વિનય વડે ભકિત કરો, અતિમુકતક કુમાર શ્રમણ

* ૨ ગર્ભશાસ્ત્ર સૂત્રો ૬૧, ૬૨, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬ ત્રણ પ્રકારની યોની સૂત્ર–૨૮૨. ૩૯૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવનો અંત કરનાર છે. અંતિમ શરીર ધારી છે. ત્યારે તે સ્થવીર મહાત્માઓ શ્રમણ ભગવાન મહાવીર આ પ્રમાણે કહ્યા થકા શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરે છે. વાંદીને અગ્લાનપણે અતિમુકતક કુમાર શ્રમણનો સ્વીકાર કરે છે. યાવત ભાકત કરે છે.*

૫–૪–૧૮૯

બે દેવા—હે દેવાનુપ્રિય, આપનાં કેટલા શિષ્યો સિદ્ધ થશે ? યાવત.... ( સર્વ દુઃખોનો ) અંત કરશે ?

ત્યારે શ્રમણ ભગવાન મહાવીર તે દેવો એ મન વડે પૂછાયા થકા તે દેવો પ્રત્યે મનવડે કરીનેજ આ પ્રમાણે ઉત્તર આપે છે.

ભગવાન—હે દેવાનુપ્રિય, એ રીતે ખરેખર મારા સાતસો શિષ્યો સિદ્ધ થશે યાવત....અંત કરશે + + +

બે દેવો—( ભગવાન ગૌતમને આવતા જોઈ હર્ષિત બની એકદમ ઉઠે છે, તુરત સામા જાય છે. ભગવાન ગૌતમ પાસે આવે છે અને વંદન કરીને કહે છે. ) હે ભગવાન ! નિશ્ચે મહા શુક્ર કલ્પથી ( સાતમા દેવલોકથી મહા સ્વર્ગ નામના વિમાનથી અમો બે મહર્ધિક યાવત........પ્રાદુર્ભુત દેવો આવ્યા છીએ, ત્યારે અમે શ્રમણ ભગવાન મહાવીરને વાંદ્યા, નમન કર્યું અને નમીને મનવડે આ પ્રસ્તુત સ્વરૂપવાળા પ્રશ્નો પૂછ્યા કે—હે ભગવાન, તમારા કેટલા શિષ્યો સિદ્ધ થશે યાવત.... ...અંત કરશે ? ત્યારે અમોએ મનથી પૂછાએલા શ્રમણ ભગવાન મહાવીરે અમોને મન વડે કરીનેજ આ પ્રમાણે ઉત્તર આપ્યો કે–હે દેવાનુપ્રિયો ! ખરેખર મારા સાતસો શિષ્ય સિદ્ધ થશે યાવત્....અંત કરશે.

ત્યારે અમે મનથી પુછાયેલ શ્રમણ ભગવાન મહાવીર વડેનો મનથી આપેલ આ પ્રમાણેનો ઉત્તર પ્રાપ્ત કરીને ( સાંભળીને ) શ્રમણ ભગવાન મહાવીરને વાંદ્યા નમસ્કાર કર્યા, યાવત પર્યુપાસના કરી.

આ પ્રમાણે કહીને તે દેવો ભગવાન ગૌતમને વંદન કરે છે, નમસ્કાર કરે છે. ( નમીને ) જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

૫–૪–૧૯૧ ભગવાન, દેવો કઈ ભાષાઓ બોલે છે ! અને કઇ ભાષા બોલાતી થકી વિશિષ્ટપણે પરિણમે છે.

* સાધુના ઉપકરણો સૂત્ર–૨૬૭–૨૮૯ ૭ કોટી સામયિક સૂત્ર ૩૨૮ ૩૨૯ પાંચ પ્રકારના નિગ્રંથો—શ૦૨૫–ઉ૦૫–સૂત્ર...

આહારના ચાર અતિક્રમો ૨૬૯ અનેષણીય પ્રાપ્તિમાં લાભાલાભ સૂત્ર ૩૩૨

પાંચ શય્યાતરો સૂત્ર ૫૬૭ પાંચમૂળગુણ દશ ઉત્તર ગુણ, બાર શ્રાવકવ્રતસૂત્ર ૨૭૨

ચાર વ્રત આગમોચ્છેદ તીર્થ સંઘ ઉગ્રકુલાદિ શ૦ ૨૦–ઉ૦૮ સૂત્ર ૦૬૭૮ ત્રણ પરિગ્રહો સૂત્ર ૬૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન્—ગૌતમ, દેવો અર્ધમાગધી ભાષાએ બોલે છે અને તે અર્ધમાગધી ભાષા પણ બોલાતી થકી વિશિષ્ટપણે પરિણમે છે.

૫–૫–૨૦૩ ઇંદ્રભૂતિ—હે ભગવન્ ! જંબુદ્વીપના આ ભરતક્ષેત્રના આ ઉત્સર્પિણીકાળમાં કેટલા કુલકરો થયા ? ભગવાન્—ગૌતમ, સાત. એ પ્રમાણે તીર્થંકર માતા પિતા પ્રથમ શિષ્યાઓ ચક્રવર્તી માતા સ્ત્રીરત્ન, બળદેવ વાસુદેવ. માતા પિતા પ્રતિવાસુદેવ વિગેરે જેમ **સમવાયાંગમાં** નામ પરિપાટી છે તેમ જાણવું.

૫–૯–૨૨૧ પ્રભુમહાવીર સ્વામીના પ્રકૃતિભદ્ર શિષ્ય નારદપુત્ર તથા નિગ્રંથી પુત્ર હતા.

૫–૯–૨૨૬–૨૨૭ ભગવાન્—હે આર્ય ! એ નક્કી છે કે પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવાને લોકને શાશ્વત કહ્યો છે + + પાર્શ્વાપત્ય સ્થવીરોએ ભગવાન મહાવીર પાસે પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતોનો સ્વીકાર કર્યો + + દેવલોકમાં ઉત્પન્ન થયા* ૧

૭–૯–૩૦૦ મહાશિલા કંટક સંગ્રામ. મગધરાજ અને વિશાલાપતિનું યુદ્ધ, જેમાં ચોરાશીલાખ મનુષ્યોનો નાશ થયો હતો. વિગેરે.

૭–૯–૩૦૧–૨. રથમુશલ સંગ્રામ મગધરાજ કોણીક અને ગણ સત્તાક વિશાલાપતિ ચેટકનું યુદ્ધ, જેમાં છન્નુ લાખનો નાશ થયો હતો. વિગેરે.

૭–૯–૩૦૩–૩૦૪–નાગનપ્તૃક વરૂણ શ્રાવક તથા તેનાં પ્રિય બાલવયસ્યનાં યુદ્ધો દીક્ષા–અનશન–સ્વર્ગ પ્રાપ્તિ યોદ્ધાની કહેવત અને ભવિષ્ય અધિકાર વિગેરે,

૭–૧૦–૩૦૫ થી ૩૦૮–કાલોદાયી વિગેરે સાત તાપસો, કાલોદાયીનાં જ્ઞાનસ્પર્શી પ્રશ્નો પ્રભુ મહાવીર પાસે દીક્ષા અને મોક્ષ ગમન વિગેરે.

૮–૨–૩૧૭–છદ્મસ્થ જીવો–દશ વસ્તુને સર્વભાવે જાણતા નથી, જોતા નથી, તેઓ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીર બંધન મુક્ત જીવ, પરમાણુ પુદ્ગલ, શબ્દ, ગંધ, વાયુ, આજીન થશે કે નહીં થાય ? આ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં કરે ? અને ઉત્પન્નજ્ઞાન–દર્શનને ધારણ કરનાર ! અરિહંત જીન કેવળી એજ વસ્તુઓને પણ સર્વ ભાવવડે જાણે છે–જુએ છે. તે આ–ધર્માસ્તિકાય યાવત્........કરશે કે નહીં કરે ? * ૧

૮–૫–૩૩૦ ગોશાળાનાં મતના ગૃહસ્થોનો અધિકાર * ૨

૯–૩૨–૩૭૨ થી ૩૭૯ પાર્શ્વાપત્ય **ગાંગેય** મુનિના પ્રશ્નો અને પ્રભુ મહાવીર પાસે પાંચ મહાવ્રતનો સ્વીકાર. વિગેરે.

---

* ૧ લોકનો આદિ અંત સૂત્ર–૫૧–૫૩–૩૮૦

લોકસ્થિતિ ૫૪, ૧૧૫ ની ટીકા, ૨૨૬, ૨૬૧ ઘનવાયુ–૭૭ બેટપાણી તડકો છાંયો–૫૧ વિપુલગિરી પર્વત–૯૬ તુંગિકાનગરી શ્રાવકો સૂ૦ ૧૦૭, ૧૧૨. ઉના પાણીનાં કુંડ સૂત્ર ૧૧૩ ( ૨–૫–૧૧૩ ) ભરતીઓનું કારણ સૂત્ર ૧૫૫ દેવલોકસૂત્ર ૨૨૭ યોજનસૂત્ર ૨૪૭ સોળદેશ. ૫૫૪ ગ્રામ, આકર, વૃક્ષ, ઘર, ઝુંપડા, લોહ, કઢાઈ વિગેરે સૂત્ર ૧૯–૨૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૂકત–વચનો

( સદ્દગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ કરત કરત અભ્યાસસે, જડમતિ હોત પ્રવીણ.

૨ ઉપકારનો બદલો દેવાની ભાવના રાખવી.

૩ જ્ઞાન અને અભ્યાસથી નિર્ભયતા અને સ્વતંત્રતા પ્રાપ્ત થવા યોગ્ય છે. આત્મન્ ! તું તારો વારસો સંભાળવા તત્પર થા ! અને જલ્દી પ્રયાણ કર.

૪ માણસ જેવા વિચાર કરે છે તેવો તે બને છે.

૫ જે જેનું ચિન્તન કરે તે તેમય થઇ જાય છે.

૬ ધૈર્ય અને દૃઢતાથી પ્રત્યેક કાર્યમાં પડવું જરૂરનું છે એમ ન થાય તો નિરાશાજ નિર્માયેલી છે.

૭ અનિયમિતતા એ મનુષ્યને આગળ વધવા દે નહીં.

૮ નિયમિતપણું એ અભ્યાસના ફળનું એક અત્યંત આવશ્યક અંગ છે.

૯ વિચાર ચારિત્રનું નિયામક ખાસ પ્રેરક છે.

૧૦ કેવાં બનવું એ આત્માના પોતાના જ હાથમાં છે.

૧૧ સર્વ સંસ્કૃતિનું ફળ ચારિત્રને ઉન્નત બનાવવામાં જ હોવું ઘટે.

૧૨ પ્રભુને–પરમગુરૂને ગમે તેવું આચરણ કરવા લક્ષ રાખવું.

૧૩ બીજાના ઉપર ઉપકાર કરવાનું અભિમાન કરતા નહીં.

૧૪ શરીરના રોગો આળસથી થાય છે. જેટલા આળસુ–પૈસાદાર રોગી હોય છે એટલા બધા ઉદ્યમવાળા રોગી હોતા નથી.

૧૫ પૈસાથી સારા કામ પણ થાય છે અને નબળા પણ થાય છે.

૧૬ નિરૂદ્યમીપણાથી રોગો ઉત્પન્ન થાય છે.

૧૭ રોગનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનતાથી અન્યને દુઃખ આપવાથી દુઃખ રોગ પેદા થાય છે. મનની શુદ્ધિ પવિત્રતાથી તે દુઃખ મટી શકે છે.

૧૮ દૃષ્ટિ સુધરે તો સર્વ ઠેકાણે ગુણ મળી શકે છે.

૧૯ સહુનો આત્મા સમાન લેખો, કોઇને દુઃખ ન ઉપજાવો.

૨૦ જેને મૃત્યુ સાથે ભાઇબંધાઈ હોય, મૃત્યુથી નાશી છૂટવાની શક્તિ હોય અથવા હું મરીશ નહિ એવી ખાત્રી થઈ હોય તે ધર્મસાધન આવતા દિવસ ઉપર કરવાનું ભલે પસંદ કરે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ તેમ નહીં તો જેમ બને તેમ ત્વરાથી આત્મસાધન કરવું.

૨૨ કારણ કે શ્રેય કામ કરતાં સો વિઘ્નો આવી પડવા સંભવ છે.

૨૩ ઇર્યા, ભાષાદિક પાંચ સમિતિઓ ચારિત્ર ધર્મમાં પ્રવર્તવા કહી છે અને મનગુપ્તિ વિગેરે ત્રણ ગુપ્તિઓ અશુભ વિષયોથી સર્વથા નિવર્તવા માટે મહા પુરૂષોએ કહી છે-પ્રરૂપી છે.

૨૪ એ આઠે પ્રવચન માતાનું જે સારી રીતે સેવન કરે તે વિદ્વાન મુમુક્ષુ મુનિ શીઘ્ર સર્વ સંસાર બંધનથી સર્વથા મુક્ત થઇ મોક્ષપદને પ્રાપ્ત કરી શકે છે. ઇતિશમ્

## સંયમ માર્ગમાં સુસ્થિત-સુસમાહિત રહેવા માટે.

૧ મુનિએ સઘળી સાંસારિક જંજાળ છોડી, ઉપશમ પૂર્વક, શરીરને અનુક્રમે વધતા જતા તપથી, દમતા રહેવું.

૨ એટલા માટે પરાક્રમી મુનિએ શાન્ત મનથી સંયમમાં રાગ ધરી, સમિતિ ગુપ્તિ સાથે રાખી, સદા પ્રયત્નવંત રહેવું.

૩ મુક્તિ મેળવનાર વીરપુરૂષોનો માર્ગ ઘણો વિકટ છે.

૪ જે પુરૂષ બ્રહ્મચર્યમાં હમેશાં રહીને શરીરને તપથી દમે છે તેજ વીર પુરૂષ મુકિત મેળવનાર હોવાથી માનનીય ગણાય છે.

૫ જે પુરૂષ શરૂઆતમાં કદાચ ઇન્દ્રિયોને વશ કરી વર્ત્યો હોય પણ પાછો મોહના જોસથી વિષયોમાં આસક્ત થાય છે તે બાળ પુરૂષ કશા પણ બંધનથી છુટો થએલો નથી, તથા કશાપણ પ્રપંચથી રહિત થયેલો નથી.

૬ જ્ઞાનવંત અને પરમાર્થદર્શી પુરૂષો આરંભથી દૂર રહે છે, તેમની આ વર્તણુક ઘણી પ્રશંસનીય છે. કેમકે આરંભથી જીવને વધબંધનાદિક ભયંકર દુઃખો તથા અસહ્ય પીડાઓ ભોગવવી પડે છે.

૭ માટે બહારના પ્રતિબંધ કાપીને મુનિજનોએ મોક્ષ તરફ લક્ષ રાખી, આ દુનિયામાં આરંભનો ત્યાગ કરી વર્તવું.

૮ કરેલાં કર્મનાં ફળ થવાનાં જ એમ જોઇને આગમ-તત્ત્વના જાણનાર મુનિઓએ કર્મ બંધનના હેતુથી દૂર રહેવું.

૯ જે પુરૂષો ખરેખરા પરાક્રમી, સત્પ્રવૃત્તિની રીતિઓથી વર્તનારા, જ્ઞાનાદિ ગુણોમાં રમનારા, હમેશાં ઉદ્યમવંત, કલ્યાણ તરફ દૃઢ લક્ષ ધરનારા, પાપથી નિવર્ત્તેલા, અને યથાર્થપણે લોકને જોનારા હતા, તેઓ ગમે ત્યાં રહેતા છતા સત્યને જ વળગી રહ્યા હતા.

૧૦ તેવા તત્ત્વાદર્શી પુરૂષોને ઉપાધિઓ નથી રહેતી. ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સુખદુઃખના વિચાર ઉપર બોધદાયક ચૌભંગી.

**છે ને છે**—પુન્યાનુબંધિ પુન્યકારકની પેરે.

**છે ને નથી**—પાપાનુબંધિ સુખભોગી વેશ્યાની પેરે.

**નથી ને છે**—અકિંચન ( નિર્ગ્રંથ ) અણગારની પેરે. ( છતી ઋદ્ધિ તજી તપ, જપ, સંયમમાં સાવધાન રહેનાર સાધુની પેરે. )

**નથી ને નથી**—મહાપાપ કર્મથી નીચ અવતાર પામી પાછાં નીચે કર્મ કરનાર કસાઈ, વાઘરી વિગેરેની પેરે.

**સાર**—આ લોકમાં સત્કર્મ કરીને જીવવું અથવા મરવું સારૂં. એથી અન્યથા **વિપરીત આચરણ કરવું સારૂં નથી.** **ઇતિશમ્**

## દાન-ધર્મનું આરાધન.

૧ **દાતૃશુદ્ધ**, ૨ **દેયશુદ્ધ** અને ૩ **ગ્રાહકશુદ્ધ દાન** કરાય તો તે સર્વ શુભ અર્થની સિદ્ધિને કરનારૂં થાય છે. જેના ચિત્તમાં ઇર્ષ્યા અને પશ્ચાત્તાપાદિ દોષો ન હોય તથા હર્ષજનિત રોમાંચવડે જેનું શરીર દેદીપ્યમાન હોય એવો વિવેકી આત્મા ફળની ઇચ્છા વગર જે દાન આપે તે દાન **દાતૃશુદ્ધ** કહેવાય.

૨ ન્યાય-નીતિથી ઉપાર્જન કરેલું, નિર્દોષ અને પોતાની માલીકીનું ઉત્તમ દ્રવ્ય સત્પાત્રને વિષે વિધિપૂર્વક દેવામાં આવે તે દાન **દેયશુદ્ધ** કહેવાય.

૩ આગમમાં કહેલા ઉત્તમ ક્ષેત્ર ( પાત્ર ) માં દીધેલા દાનનો યથાવિધ ઉપયોગ થાય તે દાન ગ્રાહક **શુદ્ધ** કહેવાય છે. તેમજ વળી દાનમાં ૧ **ચિત્ત**, ૨ **વિત્ત** ને ૩ **પાત્રની શુદ્ધિથી** યથેષ્ટ લાભ થાય. તે ચિત્તની પ્રસન્નતા, ભાવની વૃદ્ધિ,—ઉલ્લાસપૂર્વક નિઃસ્વાર્થપણે દેવામાં આવતું દાન તે **ચિત્તશુદ્ધ**.

૨ ન્યાયોપાર્જિત, નિર્દોષ એવું સ્વકીય દ્રવ્ય તે **વિત્તશુદ્ધ**.

૩ શાસ્ત્રોક્ત યથાયોગ્ય પાત્રનો યોગ પામીને સંયમની રક્ષાને વૃદ્ધિ માટે દેવાતું દાન તે **પાત્રશુદ્ધ** લેખાય.

## ' ત્રણ પ્રકારના સાધુ '

**હંસ, કાગ** અને **બગ** ની જેવા તેમના આચરણ ઉપરથી સાધુ ત્રણ પ્રકારના કહ્યા છે.

૧ બાહ્ય ને અભ્યન્તર શુદ્ધ આચરણવાળા સાધુ **હંસ** જેવા જાણવા.

૨ બંને પ્રકારે મલીન આચરણવાળા સાધુ **કાગ** જેવા જાણવા.

૩ બહારથી ઉજળા પણ અંદરથી મેલા આચરણવાળા સાધુ **બગ** જેવા કહ્યા છે.

ભાગ્યજોગે સદાચરણ સેવવાની ( સારાં કામ કરવાની ) તક હાથ લાગી હોય તો તેને સાર્થક કરવી. નકામી ગુમાવી દેવી નહીં. **ઇતિશમ્**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાર્ય અને આશા.

( ૩ )

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

( ગતાંક પૃષ્ઠ ૪૩ થી શરૂ )

કોઇ પણ પદાર્થમાં એવી શકિત નથી કે જે પોતાથી વિપરીત ગુણવાળા પદાર્થને ખેંચી શકે, દરેક પદાર્થ પોતાના જ ગુણો પ્રકાશિત કરે છે અને તેજ પદાર્થને પોતાના તરફ ખેંચી શકે છે કે જે પોતાના સમાન ગુણધર્મવાળા હોય છે. કોઇ માણસ એમ ઇચ્છતો હોય કે હું સુખી અને સમૃદ્ધિવાન બનું તો તેણે એ સુખ સમૃદ્ધિના જ વિચારો કર્યા કરવા જોઇએ, એ વિચારોથી જ પોતાના મનને ભરી દેવું જોઇએ અને પોતાના આત્માને ઉદાર બનાવવો જોઇએ. જેને ગરીબાઇનો ભય હોય છે તેની પાછળ ગરીબાઇ દોડતી આવે છે.

તમારે સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો દુ:ખના વિચારોને દૂર કરી દો. તમે ધન પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો ગરીબાઇના વિચારોને તિલાંજલી આપો. જે જે વસ્તુનો તમને ભય રહેતો હોય તેની સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ ન રાખો; તે તમારી ઉન્નતિમાં-તમારા વિકાસમાં અડચણ કર્તા છે, માટે તેનો તો સમૂળ નાશ કરો. તમારા મનમાંથી એને હાંકી કાઢો. એને સદંતર ભૂલી જાઓ. જે પદાર્થોને તમે ઇચ્છતા હો તે પદાર્થોના જ વિચારોને તમારા મનોમંદિરમાં સ્થાન આપો. જેની પ્રાપ્તિથી તમારો આત્મા સંતુષ્ટ અને આનંદિત બને છે તેના જ વિચારોને મનોમંદિરમાં સ્થાન આપો. પછી જે વસ્તુની તમે રાહ જોઇ રહ્યા હતા તે તમારી તરફ ખેંચાઇ આવી છે એ જોઇને તમારા આશ્ચર્યનો પાર નહિ રહે.

આપણે આપણાં કાર્ય અથવા ઉદ્દેશને માટે જેવા મનોભાવ ઘડીએ છીએ તેનો તે કાર્ય અથવા ઉદ્દેશની સાથે ગાઢ સંબંધ બંધાય છે. જો તમે કોઇ પણ કાર્ય કરતી વેળા એવું જ વિચાર્યા કરતા હશો કે શું કરૂં ભાઇ, મારે આવું ક્ષુદ્ર કામ કરવું પડે છે તેમાં ઉન્નતિની આશા કયાંથી રાખી શકું ? શું જીંદગીભર આવું હલકું કામ કરીને પેટ ભરવાનું મારે નશીબે લખાયલું છે ? શું મારે હમેશાં આ રીતે સખત તડકામાં કામ કરવું પડશે ? શું મને કદિ પણ આરામ નહિ મળે ? શું હું હમેશાં ગરીબાઇમાં જ સડયા કરીશ ? તો જરૂર સમજી લ્યો કે એ જાતના હલકા વિચારો તમને ઉન્નતિના દ્વારથી ઘણા દૂર રાખશે. તમે એવી જ ક્ષુદ્ર સ્થિતિમાં સડયા કરવાના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એથી ઉલ્ટું જો તમે તમારા ભવિષ્યને ઉજ્વળ જોતા રહેશો, જો તમે એવો નિશ્ચય કરી લેશો કે હું સત્વર આ ક્ષુદ્ર સ્થિતિમાંથી નીકળીને ઉન્નતિના શિખર ઉપર પહોંચી જઇશ, હું મારા ક્ષુદ્ર જીવનમાંથી નીકળીને એ ઉન્નત જીવન તરફ પ્રયાણ કરી રહ્યો છું કે જ્યાં સૌન્દર્ય, શાંતિ અને આનંદ રહેલા છે, અને જો તમારી અભિલાષાઓ નિર્દોષ હશે. અને તમારી આંખોને એ ચરમ ઉદ્દેશ તરફ લગાડી રાખી હશે અને તે ઉદ્દેશ સફળ કરવાની તમારામાં યોગ્યતા રહેલી છે એવો તમને દૃઢ વિશ્વાસ હશે તો તમને જરૂર સફળતા પ્રાપ્ત થશે જ.

જો આપણે આપણા મનમાં એવો નિશ્ચય કરી લઇએ કે એક દિવસમાં હું અમુક કાર્ય પુરૂં કરી શકીશ જ, આપણે આપણા ઉદ્દેશને દૃઢતા પૂર્વક વળગી રહીએ અને એવો અડગ વિશ્વાસ થઇ જાય કે હું કોઇ પણ રીતે એ ઉદ્દેશ સફળતા પૂર્વક સિદ્ધ કરી શકીશ જ તો આપણા મનમાં એક એવી ઉત્પાદક શક્તિ આવી જશે કે જે આપણાં મનોવાંચ્છિત ફળ પ્રાપ્ત કરવામાં અત્યંત સહાયભૂત થશે.

મેં એવો એક પણ મનુષ્ય નથી જોયો કે જેને પોતાના આત્મામાં વિશ્વાસ હોવા છતાં, હાથમાં લીધેલું કાર્ય પૂરૂં કરવાની યોગ્યતામાં સંપૂર્ણ શ્રદ્ધા હોવા છતાં, પોતાના ઉદ્દેશ તરફ જ નિરંતર દૃષ્ટિ રાખ્યા છતાં તથા તેની પ્રાપ્તિ માટે યોગ્ય પ્રયત્નો કરવા છતાં પણ વિજયપ્રાપ્તિ નથી થઇ. ઉચ્ચ અભિલાષા પહેલાં તો આત્મ–પ્રેરણાના રૂપમાં અને પછી સિદ્ધિના રૂપમાં પરિણમે છે.

હમેશાં તમારા વિચારો ઉચ્ચ અને મહાન બની રહે એવા જ પ્રયત્નો કરતા રહો. જે કાંઇ કાર્ય તમે કરવા ધારતા હો તેને માટે કદિ પણ શંકા ન રાખો. કેમકે એ શંકા મહાન ઘાતક છે. એ આપણી ઉત્પાદક શકિતનો ધ્વંસ કરે છે, આપણી અભિલાષાઓને પંગુ અને શકિત હીન બનાવી મુકે છે. તમે હૃદયપર હાથ મુકીને એવું જ સૂચન તમારી જાતને કર્યા કરો કે જે વસ્તુની મને જરૂરીયાત છે તે મને જરૂર મળવાની છે, એ મારો અધિકાર છે અને એની પ્રાપ્તિને પંથે હું પ્રગતિ કરી રહ્યો છું.

હમેશાં તમારા મનમાં એ જ વિચાર કરતા રહો કે હું સફળતા માટે, વિજય માટે, સુસ્વાસ્થ્ય અને સુખને માટે, તેમજ ઉપયોગીપણા માટે જ સર્જાએલો છું અને મને એનાથી વંચિત કોઇ રાખી શકે એમ નથી. એ જાતના આશામય ઉદ્ગારો વારંવાર કાઢવાની ટેવ પાડો. તમારા અંતિમ વિજયપર નિશ્ચયાત્મક વિચાર પ્રકટ કરવાની તમારી શકિત કેળવો અને તમે તેનું ચમત્કારિક ફળ જોશો કે તમારી મનોવાંછિત વસ્તુ કેવી રીતે તમારી તરફ ખેંચાઇ આવે છે. અહિંઆ એક વાત ખાસ સ્મરણમાં રાખો કે તમારા ઉદ્ગારોમાં કે તમારા વિચારમાં જરા પણ પાસંશયનો પ્રવેશ ન થવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકિતસાગર પરમાત્માની એવી ઇચ્છા નથી કે મનુષ્ય પોતાની પરિસ્થિતિના હાથમાં એક પુતળા માફક નાચ્યા કરે, કે પોતાની આસપાસની દશાનો ગુલામ બની રહે, પરંતુ તેની તો એવી ઇચ્છા છે કે મનુષ્ય પોતાની પરિસ્થિતિને પોતે જ બનાવે, પોતાના સંજોગો પોતે જ ઉત્પન્ન કરે.

આપણી માનસિક શકિતઓ આપણી સેવિકા સમાન છે. આપણે જે કાંઇ તેની પાસેથી ઇચ્છીએ છીએ તે આપણને આપે છે. જો આપણે તેના પર વિશ્વાસ રાખીએ, તેનાપર જ અવલંબિત રહીએ તો તેઓ આપણને સારામાં સારી વસ્તુઓ આપશે.

જે લોકોની પ્રકૃતિ નિષેધાત્મક હોય છે તેઓ તો શું બને છે એની રાહ જોયા કરે છે. તેઓમાં દરેક પદાર્થને પોતાને અનુકૂળ બનાવી લેવાની શકિત નથી હોતી. નિશ્ચયાત્મક પ્રકૃતિથી જ દુનિયાના મહાન કાર્યો થયા છે. તેનાથી જ મનુષ્ય પોતાનું ધાર્યું કામ કરી શકે છે. (ચાલુ)

## પુરૂષાર્થ.

કર્મના નિયમોને સમજણ પૂર્વક ગતિમાં મૂકવાથી ધારેલું પરિણામ લાવી શકાય છે. વિચાર પ્રમાણે ચારિત્ર–વર્તન ઘડાય છે. કોઇ વસ્તુ કે સ્થિતિ મેળવવાની પ્રબળ ઇચ્છા આત્માને તે વસ્તુ કે સ્થિતિ મેળવવાની તક મેળવી આપે છે.

પૂર્વ કર્મ એ આપણી ઇચ્છાવડે પૂર્વકાળે ગતિમાં મૂકેલું આપણું બળ છે. તેની સામે તેની ગતિનો વિરોધી પ્રવાહ મૂકવાથી તે બન્નેની અથડામણી થઇ વધારે બળવાન પ્રવાહ ઓછા બળવાન પ્રવાહને પોતાની દિશા તરફ ખેંચે છે. આમ હોવાથી પુરૂષાર્થ કરવાવડે એક કર્મને અનુકૂળ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ.

પૂર્વકર્મ જો ખરાબ હોય તો તેની વિરૂદ્ધ ગતિ ઉત્પન્ન કરવાનો પુરૂષાર્થ કરવો. કર્મની બનાવટ એ નિયમોની બનાવટ છે. એક નિયમ સામે બીજા નિયમને પ્રેરવાથી–જેમકે ક્રોધ સામે ક્ષમાને મેળવવાથી બન્ને ગતિઓ બંધ પડી તેનું શુભાશુભ ફળ પ્રગટ થતું અટકી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા વખત સુધી એકનાએક વિષયના ચિંતવવાના પરિણામે જીવે નિવારી ન શકાય તેવું પ્રચંડ બળ તૈયાર કર્યું હોય છે તેના પ્રબળ પ્રવાહને અટકાવવાનું અત્યારે લગભગ અશકય જેવું બન્યું હોય છે. કેમકે આત્મા અત્યારે ગમે તેટલો પ્રબળ પુરૂષાર્થ કરે તોપણ એકજ વખતે આગળની મજબુત થયેલી રાક્ષસ જેવી વાસનાને તે કાબુમાં લાવી શકે એ બનવું અશકય જેવું છે.

આવા પ્રકારના કર્મને નિકાચિત ( ભોગવ્યા સિવાય ન છુટે તેવું ) કર્મ કહે છે. આવું કર્મ એક જ વખતના પુરૂષાર્થથી કાબુમાં લઇ શકાતું નથી, પણ પુરૂષાર્થ અને ભોગદ્વારા ધીમે ધીમે તેનો નાશ કરી શકાય છે. તેની વિરોધી દિશામાં પ્રયત્ન કરવાથી શિથિલ અથવા પુરૂષાર્થસાધ્ય બને છે. પુરૂષાર્થ પણ એક જાતનો ભોગ જ છે.

પુરૂષાર્થ કરીને કર્મનો ક્ષય કરવો એ ભોગવીને ક્ષય કરવા સરખું છે. ભોગવવામાં કષ્ટ અને મહેનત છે, પુરૂષાર્થમાં પણ તેટલી જ સહનશીલતા, ધૈર્ય, ઉદ્યોગ અને ખંતની જરૂર રહે છે. નબળાઇવાળા જીવો ભોગદ્વારા અને વીરપુરૂષો પુરૂષાર્થદ્વારા કોઇપણ નિયમને લાગુ પાડીને પૂર્વનું કર્મક્ષય કરે છે.

પૂર્વકર્મ કરતાં પુરૂષાર્થ હમેશાં પ્રબળ છે. કેટલાએક પુરૂષો કેટલીક બાબતમાં વિવેકી અને સંયમી હોવા છતાં તેમને પૂર્વભવની વાસના અમુક બાબતમાં તદ્દન નિર્બળ બનાવી મૂકે છે. આવા પ્રસંગે પૂર્વકર્મના સ્વરૂપ તથા બળને સમજનાર ડાહ્યા માણસો તેમના તરફ તિરસ્કારના ભાવથી ન જોતાં ક્ષમાની નજરથી જુવે છે અને તેને એટલી સલાહ આપે છે કે એ પૂર્વના સંસ્કાર સામે તમારા સામર્થ્યને યોજીને તમારે તેનો પરાભવ કરવો જોઇએ.

છતાં તેનો પુરૂષાર્થ તરતમાં કામ ન લાગે તો જાણવું જોઇએ કે તેમણે એ વાસનાવાળા સંસ્કારને પૂર્વકાળે એવી પ્રીતિપૂર્વક સેવેલો હોય છે અને તેના હૃદયમાં તે સંસ્કાર એવા સજ્જડ પેઠેલા હોય છે કે તેમની હાલની સમજણ કે વિવેકની શક્તિ તે સંસ્કારનો પરાભવ કરવા વિજયી બની શક્તી નથી.

તેમનો વર્તમાન કાળનો વિવેક એ પવન વેગથી એક દિશામાં ગતિ કરે છે ત્યારે તેમની પૂર્વકાળની વાસનાની વરાળ કે વિજળી તેની વિરોધી દિશામાં ઘણી ઝડપથી કામ કરતી હોય છે, તેને લઇને તે જીવના ચાલુ જ્ઞાન કે વિવેક બુદ્ધિનો ઉદય તેમના પ્રબળ સંસ્કારોને દાબી કે રોકી શકતો નથી.

પોતાની આબરૂને સમાજમાં ગમે તેવો ધોકો પહોંચે તેની પણ પરવા ન કરતાં પોતાની ફ્રીલોસોફી અને તત્ત્વજ્ઞાનની પણ અવગણના કરે છે, અને એ વાસનાના સંબંધે એક બાળક જેટલી ધીરજ કે સંયમ રાખી શકતા નથી.

આવા પ્રસંગે આપણે આપણી ઉદારતા અને તેના વર્તનના અંગે ક્ષમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિ ગુમાવવી એ ઠીક નથી. તેના એકાદ નિર્બળ ભાગને દેખી તેના આખા ચારિત્રનું માપ કાઢવું તે યોગ્ય નથી. વિશ્વમાં કોઇ જીવમાં સર્વાંગ સંપૂર્ણતા નથી. તે અપૂર્ણ છે, પોતાના વિકાસના માર્ગ ઉપર છે, તેવા નિર્બળ મનુષ્યમાં ચારિત્રની પૂર્ણતાની આશા રાખી કયાંથી રખાય ?

દોષ જોઇ નિરાશ ન થાઓ. હજી તેને સુધરવાનો અવકાશ છે એ દૃષ્ટિ રાખો. સમાન દૃષ્ટિથી પ્રત્યેક પ્રસંગને જુઓ. આપણને બુરાઈની તક મળી નથી ત્યાં સુધી જ પવિત્ર છીએ. તક અને અનુકુળતા એ દેવને મનુષ્ય અને મનુષ્યને રાક્ષસ બનાવે છે.

પ્રાચીન શાસ્ત્રોમાં એવાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે કે ચૌદ પૂર્વધર જેવા જ્ઞાની પુરૂષો પણ કોઈને કોઇ પ્રલોભનને વશ થઇ ઘણા કાળ સુધી ભ્રષ્ટ બન્યા છે અને ઠોકર લાગ્યા પછી ઠેકાણે આવી પોતાની ભૂલ સુધારી લીધી છે.

ભૂલને વશ બનેલાનો તિરસ્કાર કરવો તે યોગ્ય નથી, કેમકે ત્યાં તેમનો દોષ નથી, પૂર્વનો પ્રબળ સંસ્કાર આવેશની દિશામાં ઝડપથી ગતિ કરતો હોવાથી તેની સામે ટક્કર ઝીલી ઉભા રહેવું એ ગમે તેવા પુરૂષાર્થી આત્માઓ માટે અશકય, અસંભવિત છે.

બીજી રીતે વિચાર કરતાં કેટલાએક જીવો પૂર્વ કર્મના પ્રબળ સંસારના બ્હાના નીચે ગમે તે પ્રકારના સ્વચ્છંદો આધિન થઈ સ્વપરને ઠગે છે, તેના જેવું બીજું કોઇ ઘોર પાપ નથી. પુરૂષાર્થને ગોપવી પૂર્વ કર્મનાસંસ્કારને આગળ ધરે છે. પોતાના દોષનો બોજો ગયા કાળની વાસનાને માથે મૂકે છે. પણ તેના આ પુરૂષાર્થ ગોપવવાનો વાંક માટે તો ઘટતો બદલો તેને મળ્યા વિના રહેતો નથી.

મનુષ્યોએ મોહની કર્મની પ્રકૃતિ સામે સર્વ સામર્થ્યથી લડવું જોઇએ. કદાચ તેમાં પરાભવ પામીએ તો આપણી નિર્બળતા માટે આપણે દોષિત નથી, પણ એ લડાઈમાં પોતાના વીર્યને ગોપવી વાસનાને વશ થવું એ અધમતા તરફ દોરી જનાર છે.

કર્મનો પાઠ આટલું તો જરૂર શીખવે છે કે ગમે તેવું પ્રબળ પ્રલોભન હોય છતાં તેની સામે એકવાર વીરતાથી લડવાથી તે ઢીલું બની જાય છે. પહેલી વારની હાર એ અરધી જીત છે, કેમકે તે હાર આગળ પ્રાપ્ત થવાની જીતની સામગ્રીરૂપ છે. આપણી શકિતની કસોટી જીતમાં નથી પણ પ્રલોભન સામે ટક્કર ઝીલવામાં છે.

નીતિની કસોટી પ્રલોભનો સામે પ્રમાણિકપણું જાળવી રાખવામાં છે. પવિત્રતાની કસોટી વાસનાઓમાં નિમિત્તોની મધ્યમાં ટકી રહેવામાં છે. તક, અનુકૂળતા અને એકાંતમાં પોતાની સારી દાનત ટકાવી રાખનારજ વીર પુરૂષ છે. ખરો યોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તીમાં રહીને વનવાસની પવિત્રતા ટકાવી રાખે છે તેજ છે. પરાક્રમની કસોટી રાગદ્વેષાદિ આંતર શત્રુને હણવામાં છે.

આ ઉપરથી એ નિર્ણય થયો છે કે જ્યાં ભ્રષ્ટતા દેખાય ત્યાં એકદમ ન્યાય આપી દેવો વ્યાજબી નથી, તેમજ પરાજય ઉપર પરાજય પામનારના બળનો નિર્ણય બાંધવો એ ડહાપણ નથી. ગમે તેવા અધમ આત્મા પ્રત્યે આપણી ફરજ છે કે તેનું કલ્યાણ ઇચ્છવું, અને તેઓ યોગ્ય માર્ગ ઉપર આવે તેવો બનતો પ્રયત્ન કરવો.

આપણા હૃદયમાં સહાનુભૂતિ, અનુકંપાવૃત્તિ, વિશ્વપ્રેમ આદિ ઉત્તમ વૃત્તિઓ કેળવવી અને જ્યાં એ વૃત્તિઓને કાર્યરૂપ થવાના પ્રસંગો આવે ત્યાં તેને કર્તવ્ય રૂપે પરિણમાવવી. કેમકે આત્માની ઉન્નતિ હૃદયની ઉચ્ચવૃત્તિઓના પ્રવર્ત્તાવવામાંથી જ સાધી શકાય છે.

વૃત્તિઓને જ્યાં કર્તવ્યાકાર થવાના પ્રસંગો આવે ત્યાં સૌ સૌનાં કર્મ ભોગવી લેશે, એવી નાદાની ભરેલી તત્ત્વ નીતિનું અવલંબન લઇ કર્ત્તવ્ય હીન બનવું તે વ્યાજબી નથી.

સેવા, સ્વાર્પણ, ત્યાગ અને બંધુતામાંથીજ આત્માની ઉર્ધ્વ ગતિનો માર્ગ ખુલે છે. કુદરત ગમે તે પ્રકારે કામ કરતી હોય છતાં આપણો ધર્મ તો પારકાં દુઃખ બને તેટલાં ઓછાં કરવામાંજ છે.

**આચાર્ય શ્રી વિજયકેશરસૂરિ મહારાજ.**

# સ્વીકાર અને સમાલોચના.

૧ **શ્રી રૂપસેન ચારિત્ર**—અનુવાદક:પન્નાલાલ શર્મ્મા–પ્રકટકર્ત્તા શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી અંબાલા–પંજાબ. હિંદી, મૂલ્ય બે આના. આ સંસ્થાએ પ્રકટ કરેલ ૧૦૩ નંબરની આ બુક છે. નાના નાના રસિક ચરિત્રો સરલ હિંદિ ભાષામાં પ્રકટ કરી હિંદિ સાહિત્યનો પ્રચાર ઉત્તમ રીતે આ સોસાઇટી કરે છે. દરેક ચરિત્ર વાંચવા લાયક છે.

૨ **નિત્ય પાઠાવલી**—શ્રી અમિતસૂરિ રચિત શ્રી પરમાત્મ દ્વાત્રિંશિતિકા તથા રત્નાકરપચ્ચીશી બંને હિંદિ પદ્યાનુવાદ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. સંપાદક મુનિશ્રી તિલકવિજયજી, પ્રકાશક–શાહ ચિમનલાલ લક્ષ્મીચંદ મેનેજર આત્મતિલક ગ્રંથ સોસાઇટી, ૯૫ રવિવારપેંઠ, પુના છે. કિંમત બે આના.

૪ **અંત સમય આસપાસ**—લેખક કાપડીયા પરમાનંદદાસ કુંવરજી, પ્રકાશક–શાહ નરોત્તમદાસ હરજીવન. પ્રકાશકે પોતાની એકની એક પુત્રીની માંદગીમાં અને પછી તેના સ્વર્ગવાસથી રડવા–કુટવા જેવા હાનિકારક રિવાજોના ગેરલાભોનો અનુભવ થતાં પોતાના પ્રિયજનોની માંદગીમાં અને મૃત્યુ પછી કેમ વર્તવું અને શું કરવું ઇષ્ટ છે તે જણાવનાર પાઠો આ લઘુ બુકમાં પ્રકટ કરેલ છે. કિંમત ભેટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ અમદાવાદનો સને ૧૯૨૮ નો રીપોર્ટ—આ રીપોર્ટ તેવીસમાં વર્ષનો છે. આ વર્ષે બોડરની સંખ્યા ૩૭ ની છે અને તેની સહાય વડે વિદ્યાર્થીઓ કેળવણી પ્રાપ્ત કરે છે–સાથે લાઇબ્રેરી અને વિદ્યાર્થીઓને સંસ્કૃત–ધાર્મિક શિક્ષણ પણ અપાય છે. તેની કાર્યવાહક કમીટી અને કાર્યવાહકો આબરૂદાર ગૃહસ્થો અને લાગણીવાળા છે. વહીવટ સુવ્યવસ્થિત અને કાર્યવાહી યોગ્ય છે, અમો તેની આબાદી ઇચ્છીયે છીએ.

૫ શ્રી સુરત જૈન વિદ્યાર્થી આશ્રમનો દશમા વર્ષનો રીપોર્ટ—કેળવણીને ઉત્તેજન આપતી-સહાય કરતી આ સંસ્થા કે જેમાં ધાર્મિક શિક્ષણ સાથે અપાય છે, પુસ્તકાલય પણ પોષાય છે, વ્યાયામનો પણ વિદ્યાર્થીઓ લાભ લે છે, હસ્તલિખીત માસિક પ્રભાત પ્રકટ કરી વિદ્યાર્થીનો મગજ અને હૃદયવિકાસ પણ સાધવામાં આવે છે. આ સંસ્થાની કાર્યવાહી વ્યવસ્થાપૂર્વક અને કાર્યવાહકો ઉત્સાહવાળા છે. અમે તેમની આબાદી ઇચ્છીયે છીએ.

૬ શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી અંબાલાનો સને ૧૯૨૮ નો વાર્ષિક રીપોર્ટ—હિંદના જુદા જુદા શહેરોના સભાસદોથી બનેલી આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હિંદિ ભાષામાં સરલ નાના નાના ગ્રંથો પ્રકટ કરી બ્હોળો પ્રચાર કરી હિંદિ સાહિત્યની વૃદ્ધિ કરવાનો છે. પોતાના ઉદ્દેશ પ્રમાણે તેવી બુકો પ્રકટ કરી સાહિત્ય સેવા કર્યે જાય છે. તેનો વહિવટ ચોખો અને કાર્યવાહી પ્રમાણિક છે અમો તેની વૃદ્ધિ ઇચ્છીયે છીયે.

૭ શ્રી અહિંસા તત્ત્વ પ્રસારક મંડળ પૂના—આઠમા વર્ષનો રીપોર્ટ પોતાના ઉદ્દેશ પ્રમાણે દક્ષીણુ મહારાષ્ટ્રમાં થતી હિંસા અટકાવવા માટે જનતો પ્રયત્ન આ સંસ્થા સેવી રહી છે. ખાનગુણ–જેજુરી, કોંઢણપુર, આળંદી, દેઉ, કુમઠે, બારામતી, સીરસુફળ, પંઢારા, માલેગામ, જુનું માલેગામ, બેડકાંજલ વગેરે ગામોમાં થોડી ઘણી રીતે હિંસા અટકાવવાના પ્રયત્નો કર્યા છે, ૩૫૦ ગામમાં અહિંસાનો ઉપદેશો અપાયા છે. સંસ્થા વહીવટ યોગ્ય છે, તેમના આ કાર્યમાં અમો તેની પ્રગતિ ઇચ્છીએ છીએ.

૮ વિકાસ—હસ્તલેખીત પાક્ષીક સમાચાર–પ્રકાશક શ્રી જૈન વિદ્યાભુવન રાધનપુર વ્યવસ્થા વિભાગ તરફથી પ્રકટ થાય છે. તેના વ્યવસ્થાપક સેવાભાવી બંધુ પરભુદાસ બેચરદાસ છે. જેનો પ્રથમ વર્ષનો બીજો અંક મળ્યો છે. જેમાં મુખ્ય વિષયો આરોગ્ય ઉપર છે. તેમાંના બધા ટુંકા છતાં સરલ અને મનન કરવા જેવા છે. વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી છે. ભાઇ પરભુદાસના હાર્દિક વિચારો તથા અભ્યાસનું આમાં દિગ્દર્શન છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ.

વાતુરત્નાકર પ્રથમ ભાગ–પ્રણેતા વિદ્વદ્રત્ન મુનિરાજશ્રી લાવણ્યવિજયજી મહારાજ પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા અમદાવાદ કિંમત રૂા. ૩–૦–૦

૨ આદર્શ કુમારિકા—લેખક માવજી દામજી પ્રકાશક શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રચાર કાર્યાલય કલોલ.

૩ ધી યંગમેન્સ જૈન સોસાયટી સાહિત્ય અંક પ્રકટ કર્તા શ્રી યંગમેન્સ જૈન સોસાઇટી અમદાવાદ. કિંમત રૂા. ૦–૮–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્યશ્રી અજિતસાગરસૂરિ મહારાજનો સ્વર્ગવાસ

પ્રસિદ્ધવક્તા જૈનાચાર્ય શ્રી અજિતસાગરસૂરિ મહારાજ આ માસની શુદ ૩ શનીવારના રોજ વિજાપુર (ગુજરાત) શહેરમાં શુમારે ત્રીશ વર્ષ દીક્ષાપર્યાય પાળી એકાએક હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસ પામ્યા છે. આ સ્વર્ગવાસી મહાત્મા સરલ હૃદયી, મધુરભાષી, ચારિત્રપાત્ર, પ્રસિદ્ધવક્તા, ઉપદેષ્ટા, હતા. તેઓશ્રી સંસ્કૃત, માગધી, હિંદીસંસ્કૃત, ગુજરાતી ભાષાના સારા અભ્યાસી હતા, જેને લઇને અનેક ગદ્ય, પદ્ય, ભાષાંતર વિગેરેના ધર્મ અને સામાજિક સાહિત્યના અનેક ગ્રંથો લખી જનસમાજ ઉપર ઉપકાર કરેલ છે. સાથે સાહિત્ય પ્રચાર પણ કરેલ છે. જૈન અને જૈનેતર સર્વ વર્ગ તેમના ઉપદેશથી આનંદ પામતો હતો. અને તેથી સારો પ્રેમ સંપાદન કર્યો હતો. સ્વર્ગવાસી આચાર્ય મહારાજશ્રી બુદ્ધિસાગરજી મહારાજની પરંપરા પાટને સારી રીતે દીપાવી હતી. આ સભા ઉપર તેઓશ્રીનો ધર્મસ્નેહ ઘણો હતો. તેની કાર્યવાહીથી આનંદ પામી શ્રી સુપાર્શ્વનાથ ચરિત્રનું ભાષાંતર તેમજ કાવ્ય સુધાકર ગ્રંથ ઘણોજ શ્રમ લઇ તૈયાર કરી આપી આ સભા ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. જૈન સાહિત્ય ક્ષેત્રમાં પણ સંસ્કૃત, ગુજરાતી, ભાષાંતર, ગદ્ય પદ્યમાં અનેક ગ્રંથો રચી સારો ફાળો આપી જનસમાજ ઉપર આભાર દરસાવ્યો છે. આવા એક વિદ્વવર્ય, સાક્ષર, ચારિત્રધારી આચાર્યવર્યના સ્વર્ગવાસથી જૈન સમાજમાં એક મુનિરત્નની ખરેખર ખોટ પડી છે. આ સભાને તેથી પારાવાર દિલગીરી થઇ છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ અને તેઓશ્રીનાં શિષ્ય સમુદાય તેઓશ્રીના પગલે ચાલી તેઓશ્રીના સમુદાયની ઉજ્વલ કીર્તિમાં વધારો કરે એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

# શ્રીયુત મણિલાલ સુરજમલ ઝવેરીનો સ્વર્ગવાસ.

પાલનપુર નિવાસ બંધુશ્રી મણિલાલ ઝવેરી માત્ર થોડા દિવસના તાવની બિમારી ભોગવી અકસ્માત મુંબઇ શહેરમાં સ્વર્ગવાસ પામ્યા છે. ભાઇ મણિલાલ, દેવ, ગુરૂ ધર્મના ઉપાસક, ધર્મ પરાયણ, જૈન જ્યોતિષ વિદ્યાના જાણ અને ઝવેરાતના વ્યાપારી હતા. તેમનું વ્યાપારી અને વ્યવહારી જીવન પણ ઉત્તમ હતું. જૈન એસોસીએશન ઓફ ઇંડીયાના સેક્રેટરી, શ્રી પાલીતાણા જૈન ગુરૂકુળના ખજાનચી, શ્રી મહાવીર જિન વિદ્યાલયના અગ્રેસર સભાસદ અને બીજી એવી ધાર્મિક સંસ્થામાં ભાગ લઇ તેની સેવા કરનાર નરરત્ન હતા. સ્વભાવ સરલ, હૃદય માયાળુ અને મિલનસાર પ્રકૃતિના હતા. આ સભા ઉપર તેઓ પ્રેમ ધરાવતા હોવાથી ઘણા વર્ષોથી તેઓ સભાસદ થયા હતા આવા એક જૈન નરરત્નના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે જે માટે આ સભાને દીલગીરી થાય છે. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થઓ તે અને તેમના લઘુ બંધુ શ્રીયુત ડાહ્યાભાઇ તથા કુંટુંબને હૃદયપૂર્વક દિલાસો આપીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવેકબુદ્ધિનો ઉત્કર્ષ.

"કળા, કૌશલ્ય, પાંડિત્ય, સૌંદર્ય, બલ કે કેવળ ભક્તિ, કેવળ કર્મપરાયણતા, કેવળ તપ, કેવળ જ્ઞાન ( માહિતી અને તર્કશક્તિ ) કે કેવળ ધ્યાનની પૂર્ણતાથી જીવનની પૂર્ણતા પ્રાપ્ત થઇ શકતી નથી, પણ વિવેકની પૂર્ણતા અને જીવનની પૂર્ણતા એ બે વસ્તુ એક જ છે એમ કહીએ તો ખોટું નથી. જેમ પ્રાણ વિનાનું શરીર એટલે જ શબ, તેમ વિવેક વિનાનું જીવન એટલે જ અમાનવ્ય એમ મને લાગે છે. કેવળ વિવેકબુદ્ધિની મદદથી આપણે ભક્તિમાર્ગ, તપમાર્ગ, કર્મમાર્ગ કે ધ્યાનમાર્ગનું ફળ પ્રાપ્ત કરી શકીએ, પણ કેવળ વિવેક-વિચાર ઉપર રહેવું કઠણ હોય છે અને તેથી ભક્તિ આદિક માર્ગોનું અવલંબન લેવું યોગ્ય છે, પણ વિચાર કરતાં જણાશે કે મનુષ્યની ઉન્નતિ માટે એવું એક પણ સાધન નથી કે જેમાં વિવેક-વિચારની અપેક્ષા ન રહેતી હોય અને જેટલા જ્ઞાની કે સંતપુરૂષો ભૂતકાળમાં થઇ ગયા છે કે વર્ત્તમાનકાળમાં હોય; તેમનાં જીવનમાં વિવેકબુદ્ધિની સતત્ જાગૃતિ એ જ ગુરૂતમ સાધારણ ધર્મ જણાશે. વિવેકની પૂર્ણતાના પ્રમાણમાં એનાં જીવનની ખરેખરી મહત્તા. બીજી બધી સામગ્રીઓ એનાં આભૂષણો જ.

"વિવેકના ઉત્કર્ષ વિના ઈષ્ટદેવનું દર્શન થયું હોય, સમાધિલાભ થયો હોય, તપ સિદ્ધ થયું હોય, અનેક પ્રકારની વિદ્યાઓમાં પારંગતતા પ્રાપ્ત થઇ હોય કે વૈરાગ્યવૃત્તિ હોય તો તેમને પણ મનુષ્ય જીરવી શકતો નથી અને કદાચિત એથી યે અધોગતિને પામી શકે છે અને એથી ઉલટું જો કેવળ વિવેક-વિચારપર જાગૃત રહેવાની શક્તિ પ્રાપ્ત કરી શકાય તો પણ તે અટલ શાંતિ મેળવી શકે છે. અણીશુદ્ધ વિવેકી જીવન એ જ મારા વિચારથી જીવનમુક્તિનું બાહ્ય લક્ષણ છે. વિવેકના ઉત્કર્ષને હું જીવનનું અને તેથી કેળવણીનું અંતિમ ધ્યેય માનું છું અને અવલોકન-શોધનની જિજ્ઞાસા અને ઝીણવટ-પ્રજ્ઞાની તીવ્રતા, યોગ્ય ભાવોના પોષણને પરિણામે ભાવના વિકાસ અને સમ્યક્ જાગૃતિનો અભ્યાસ એવા કેળવણીના વિભાગો પાડું છું.:"

'કેળવણીના પાયા' માંથી.

For Private And Personal Use Only